સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 41 ❖ Issue : 12 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52
Annual Subscription : ₹.300/- ❖ March-2019



# પરમવીર

## આઝાદ ભારતના સર્વશ્રેષ્ઠ યોદ્ધા

**પાણી અટકાવીને પાકિસ્તાનને સીધુ દોર કરી શકાશે!**

*એર સ્ટ્રાઈક : ઈન્ડિયન એર ફોર્સે રંગ રાખ્યો !*

**આશાવાદ** - વિમિષ પુષ્પધન્વા

## ધ મિસિંગ ૫૪: જો લૌટ કે ઘર ના આયે, જરા યાદ ઉન્હે ભી કર લો...

અભિનંદન વર્ધમાન પાકિસ્તાની સૈન્યનાં કબજામાંથી ભલે હેમખેમ પરત આવી ગયા હોય, પરંતુ ૧૯૭૧ના યુદ્ધના ૫૪ સૈનિકો આજે પણ મિસિંગ છે, જેમને હવે 'ધ મિસિંગ-૫૪' તરીકે જ ઓળખવામાં આવે છે.

૩૧




| | | | |
|---|---|---|---|
| તંત્રી સ્થાનેથી... | એર સ્ટ્રાઈક, ઈન્ડિયન એરફોર્સ અને અભિનંદન, અભિનંદન, અભિનંદન... | | ૦૭ |
| સંસ્થા સમાચાર | છાત્રોએ પુલવામાંના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી | | ૦૮ |
| | રક્તદાન શિબિર થકી છાત્રોએ 'રક્તદાન-મહાદાન' સાર્થક કર્યું | | ૧૦ |
| | કુમાર છાત્રાલયનાં ૧૮ વિદ્યાર્થીઓએ સારી કંપનીઓમાં પ્લેસમેન્ટ મેળવ્યું | | ૧૧ |
| લોકાર્પણ | વડાપ્રધાનની ઉપસ્થિતિમાં વિશ્વના પ્રથમ પંચતત્વ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો | યોગેશ પટેલ | ૧૨ |
| સિંધુ કરાર | પાણી અટકાવીને પાકિસ્તાનને સીધુ દોર કરી શકાશે! | સુરેશ ડુગ્ગર | ૧૪-૧૫ |
| વિસંગતતા | અલગતા અને આતંકનું મૂળ કલમ-૩૭૦ / આર્ટીકલ ૩૫એ | | ૨૦ |
| અભિનંદન | વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન જેમણે પાકિસ્તાનને ઝુકાવી દીધું! | યોગેશ પટેલ | ૨૪ |
| લગ્ન વિષયક | | | ૨૬ |
| કાર્યવાહી | એર સ્ટ્રાઈક : ઈન્ડિયન એર ફોર્સે રંગ રાખ્યો ! | યોગેશ પટેલ | ૨૭ |
| કન્વેન્શન | જિનીવા કરારઃ પ્રિઝનર્સ ઑફ વૉર શું છે? | | ૨૮ |
| ઈન્ફર્મેશન | પાકિસ્તાન પાસેથી છીનવાયેલો મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જો એટલે શું? | | ૨૯ |
| આશાવાદ | ધ મિસિંગ ૫૪: જો લૌટ કે ઘર ના આયે, જરા યાદ ઉન્હે ભી કર લો... | વિમિષ પુષ્પધન્વા | ૩૧ |
| પરમગાથા | પરમવીરઃ આઝાદ ભારતના સર્વશ્રેષ્ઠ યોદ્ધા | મનન ભટ્ટ (પૂર્વ નૌસૈનિક) | ૩૪ |
| નાયક | યુદ્ધ જીતવા કેવા સેનાપતિ જોઈએ? સૈમ માણેકશા જેવા | | ૪૩ |
| અહા! ચિંતન | કામના કલાકો : જિંદગી માટે ક્વોલિટી ટાઈમ કાઢતા શીખીએ | કૃષ્ણકાંત ઉનડકટ | ૪૪ |
| ફ્રસ્ટ્રેશન | ડિસ્ટ્રેક્ટેડ ડ્રાઈવિંગઃ ૨૧મી સદીની નવી જનરેશનને ભરડો લઈ રહેલી વિચિત્ર બીમારી! | પ્રસન્ન સનાતની | ૪૬ |



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**પટેલ સુવાસ**

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા

Published by : Devjibhai M. Patel
on behalf of Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888 and
Printed by: Kewal Offset, F-11-38, Ravi Estate, Nr. Torrent
Power Subsation, Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER : SHREE SAURASHTRA PATEL KELAVANI MANDAL

# ‘પટેલ સુવાસ’ : લવાજમ બાબત

| લવાજમ દર | |
|---|---|
| વર્ષ | લવાજમ |
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

### અમદાવાદ

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઇ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

### અમરેલી

- શ્રી દિપક ધાનાણી - બાલમુકુંદન મોબાઇલ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૮૭૯૧ ૧૮૫૦૫

### સુરત

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- શ્રી કિશન કોશિયા - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો. ૯૬૮૭૬ ૩૯૯૬૦

### નવસારી

- શ્રી શંભુભાઇ મુળજીભાઇ કરકર ૯, અયોધ્યાનગર-૧, ‘કર્મા’, એગ્રિકલ્ચરલ કોલેજ રોડ, મુ. વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦ મો. ૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને ‘પટેલ સુવાસ’ માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : www.sspkm.org - ઈ-મેઈલ : sphostel@gmail.com

ફોન નંબર : (079) 26307099, 88660 32888

મોબાઈલ નંબર : 74054 20536, 96621 22364 (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : www.pateljeevansathi.org

‘પટેલ સુવાસ’માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.

અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.


**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# એર સ્ટ્રાઈક, ઈન્ડિયન એરફોર્સ અને અભિનંદન, અભિનંદન, અભિનંદન...

પુલવામાં હુમલાનાં બે અઠવાડિયા બાદ ઈન્ડિયન એરફોર્સે આતંકીઓને જડબાતોડ જવાબ આપ્યો છે. લાઈન ઓફ કંન્ટ્રોલ પાર કરીને પાક અધિકૃત કાશ્મીર સ્થિત જૈશ-એ-મોહમ્મદનાં આંતકી કેમ્પોને એરફોર્સે બોમ્બમારો કરીને ધ્વસ્ત કરી દીધા છે. એરફોર્સની આ કાર્યવાહીથી ૪૪ જવાનોની શહીદી પછી આક્રોશ સાથે ગમગીન બની ગયેલ રાષ્ટ્રવાસીઓમાં એક નવી ઉર્જાનો સંચાર થયો છે. આખા દેશને સૈન્ય પર જે વિશ્વાસ હતો એવુ પરાક્રમ સૈન્યે કરી બતાવ્યુ છે, જેથી ભારતીયો હવે દુશ્મન દેશ પાકિસ્તાન સામે યુદ્ધ થાય તો પણ માનસિક રીતે સજ્જ બની ગયા છે.

પ્રજામાં આ જુસ્સો જગાડવા બદલ ઈન્ડિયન એરફોર્સ તો અભિનંદનને પાત્ર છે જ, સાથે જ અભિનંદન વર્ધમાન પણ એટલાં જ નિમિત્ત ખરા. પાકિસ્તાની વાયુ સેના દ્વારા ભારતીય સીમામાં થઈ રહેલી ઘુસણખોરીનો પીછો કરતાં અને પોતાનું મીગ-૨૧ ક્રેશ થઈ જતાં અનાયાસે પાકિસ્તાનની ધરા પર પહોંચી ગયેલા ઈન્ડિયન એરફોર્સના વીંગ કમાંડર અભિનંદન વર્ધમાને પાકિસ્તાની સૈન્યનાં કબજામાં પણ પોતાનું અદમ્ય સાહસ અને જુસ્સો ટકાવી રાખ્યો હતો, જે દરેક ભારતીયની છાતી ગદગદીત કરી મુકે છે. પાકિસ્તાનની મજબુરીથી કે ભારતની કુટનીતિથી માત્ર બે દિવસમાં જ અભિનંદન પાકિસ્તાની સૈન્યનાં કબજામાંથી મુક્ત થતાં સમગ્ર રાષ્ટ્રમાં અભિનંદનનું મોજુ ફરી વળ્યુ હતું.



જોકે, એક વરવી વાસ્તવિકતા એ પણ છે કે, ૧૯૭૧નાં ભારત-પાકિસ્તાન યુદ્ધનાં ૫૪ સૈનિકો આજે પણ ઘરે પરત ફર્યા નથી. સરકારી ચોપડે આ સૈનિકોને મિસિંગ કેટેગરીમાં મુકી દેવાયા છે, જેથી તેમને હવે માત્ર 'ધ મિસિંગ-૫૪' તરીકે જ ઓળખવામાં આવે છે. આશા રાખીએ કે તેઓ પણ અભિનંદનની જેમ ઝડપથી પરત આવે અને રાષ્ટ્રીય અભિનંદનને પાત્ર બને.

પુલવામાં હુમલા પછીની આતંકવાદીઓ સામેની સમગ્ર જવાબી કાર્યવાહી, કાશ્મીર સમસ્યા અને તેમાં રહેલા મુળ સહિત પાકિસ્તાનને યુદ્ધ ઉપરાંત કયા મોરચે પરાસ્ત કરી શકાય તે સમગ્ર બાબતે 'પટેલ સુવાસ'નાં આ અંકમાં વિશેષ પ્રકાશ પાડવાનો સાતૃત્ય પ્રયાસ કરાયો છે.

'પટેલ સુવાસ' પરિવાર પુલવામાંનાં શહીદોને નતમસ્તક શ્રદ્ધાંજલિ અર્પે છે અને ભારતીય સુરક્ષા દળોનો જુસ્સો વધારવા હરદમ કટિબદ્ધ છે અને રહેશે.

**જય હિન્દ...**


# કુમાર છાત્રાલયનાં વિદ્યાર્થીઓએ કેન્ડલ માર્ચ દ્વારા પુલવામાંના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય દ્વારા પુલવામાં આતંકવાદી હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફનાં જવાનોને શ્રદ્ધાંજલિ અર્પવા માટે એક કેન્ડલ રેલીનું આયોજન તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના દિવસે કરવામાં આવ્યુ હતું.

ભારત દેશના નાગરિકોની સુરક્ષા કાજે પોતાના પરિવારજનોની ચિંતા કર્યા વગર સરહદ પર પોતાનો જીવ હોમી દેતા વીર જવાનોને સાચી શ્રદ્ધાંજલિ અર્પવા માટે છાત્રાલયનાં વિદ્યાર્થીઓ દ્વારા છાત્રાલયથી લો-ગાર્ડન સુધીની કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. જેમાં હાલમાં જ કાશ્મીરનાં પુલવામાં ખાતે આતંકવાદી હુમલામાં શહીદ થયેલાં જવાનો પ્રત્યે શોક સંવેદના અને ઘાયલ થયેલા જવાનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરાઈ હતી. મોટી સંખ્યામાં છાત્રોએ રેલીમાં ભાગ લીધો હતો.







## મેહુલ કાનાણીના પ્રયાસો સફળ થયા.



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદનાં ટ્રસ્ટીશ્રીઓ સંદર્ભની એક ફાઈલ ચેરિટી કમિશ્નર/ચેરીટેબલ ટ્રસ્ટની કચેરી, ગાંધીનગર સમક્ષ સરકારશ્રીની મંજૂરી માટે વર્ષ ૨૦૧૨માં મુકવામાં આવી હતી. જે કામ છેલ્લાં ઘણાં વર્ષોથી કોઈને કોઈ કારણસર પેન્ડીંગ રહી જવા પામતુ હતું. જોકે આ કામ બાબતે શ્રી મેહુલ એમ. કાનાણી (ડી. કાનાણી ગૃપ) દ્વારા વિશેષ રસ લઈને અથાક પ્રયત્નો બાદ મંજુર કરાવાઈ છે, જેથી સંસ્થામાં હર્ષની લાગણી પ્રસરેલ છે. આ કાર્ય બદલ સંસ્થા શ્રી મેહુલ કાનાણીનો આભાર માને છે.

# સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, ગોતા-વૈષ્ણોદેવીની સ્થાપના: ઈનામ વિતરણ, સ્નેમમિલન અને પિકનીક કાર્યક્રમ પણ યોજાયા







સૌરાષ્ટ્રનાં જુદા-જુદા ગ્રામ્ય વિસ્તારોમાંથી ધંધાર્થે અમદાવાદનાં નવા વિકસીત થયેલા ગોતા-વૈષ્ણોદેવી વિસ્તારમાં આવીને વસેલા લેઉવા પટેલનાં કુટુંબો એક-બીજાનાં સંપર્કમાં આવી પરિચિત થાય તથા ધંધાકીય અને અન્ય બાબતોમાં એક-બીજાને મદદરૂપ થઈ શકે તે હેતુથી શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, ગોતા-વૈષ્ણોદેવીની સ્થાપના કરવામાં આવી છે. જેનો પ્રથમ ઈનામ વિતરણ સમારંભ તા. ૧૯ ઓગસ્ટ, ૨૦૧૮નાં રોજ તથા સ્નેહમિલન સમારંભ ૨૫ નવેમ્બર, ૨૦૧૮નાં રોજ યોજવામાં આવ્યો હતો.

પ્રમુખ શ્રી હિતેશ રામોલિયા અને મંત્રી શ્રી નટુભાઈ રાદડિયાની આગેવાની હેઠળ સમાજનાં ૧૮૦ જેટલા પરિવારો ધરાવતાં આ ઘટકની ડે-પિકનીક ૧૦ માર્ચ, ૨૦૧૯નાં રોજ યોજવામાં આવી હતી.

## અન્નપૂર્ણા ધામ મહોત્સવ માટે છાત્ર મીટીંગ યોજાઈ

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય ખાતે સમસ્ત લેઉવા પાટીદારોનાં સ્વમાન-ગૌરવના શ્રદ્ધાતિર્થ સમાન શ્રી અન્નપૂર્ણા ધામ, અડાલજ ખાતે તા. ૫ માર્ચ, ૨૦૧૯નાં રોજ રાષ્ટ્રનાં વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને એક છાત્ર મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગમાં સંસ્થાના ટ્રસ્ટી તથા અન્નપૂર્ણાધામનાં ચેરમેન શ્રી રવજીભાઈ વસાણી, રાજ્ય સરકારના મંત્રી શ્રી વલ્લભભાઈ કાકડિયા, સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા, મંત્રી શ્રી મનોજભાઈ ડોબરિયા, ટ્રસ્ટી શ્રી સંજયભાઈ સાવલિયા, ટ્રસ્ટી શ્રી કમલલેશભાઈ ગોંડલિયાએ ઉપસ્થિત રહી છાત્રોને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ અને સ્વયંશિસ્ત બદ્ધ રીતે આ મહોત્સવમાં સેવા આપવા આહ્વાન કર્યું હતું.





# રક્તદાન શિબિર થકી છાત્રોએ 'રક્તદાન-મહાદાન' સાર્થક કર્યું





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયના પટાંગણમાં તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ને રવિવારનાં રોજ સિવિલ હોસ્પિટલ બ્લડ સમિતિ અને પ્રોજેક્ટ રક્તકણિકાનાં સહયોગથી બ્લડની જરૂરિયાત હોય તેવા લોકોને મદદરૂપ થઈ શકાય અને સોસાયટીમાં બ્લડ ડોનેશન અંગે જાગૃતિ કેળવી શકાય તેવા શુભ હેતુથી એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં હોસ્ટેલનાં છાત્રોએ ઉત્સાહભેર ભાગ લઈને રક્તદાન કર્યું હતું અને ૨૬ બોટલ રક્ત એકત્ર કરીને 'રક્તદાન-મહાદાન'નું સુત્ર સાર્થક કર્યું હતું. આ કેમ્પને સફળ બનાવવા બદલ મંડળ તમામ છાત્રો તથા સહભાગીઓનો આભાર વ્યક્ત કરે છે. કેમ્પને સફળ બનાવવા માટે શ્રી પ્રતીકભાઈ બચાણી અને છાત્રાલયનાં વિદ્યાર્થી હિમાંશુ ચોવટીયા, હરીન પટોળિયા તથા પરાગ અમીપરા તથા કેમ્પસ ઈન્ચાર્જ શ્રી ધનજીભાઈ ગોંડલિયાએ પોતાનો અમુલ્ય ફાળો આપ્યો હતો.

**'પટેલ સુવાસ'ની માલિકી અને અન્ય વિષયો સંબંધિત જાણકારી**

**ફોર્મ-૪**

| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશન સ્થળ | : અમદાવાદ |
| ૨ | પ્રકાશનનો પ્રકાર | : માસિક |
| ૩-૪-૫ | મુદ્રક/પ્રકાશક/સંપાદકનું નામ | : દેવજીભાઈ પટેલ |
| | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| | સરનામું | : શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ |
| ૬. | તે વ્યક્તિઓના નામ અને સરનામા જે સમાચાર પત્રના માલિક હોય તથા જે સમસ્ત મુડીના એક ટકાથી વધુના ભાગીદાર કે હિસ્સેદાર હોય | : શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ ગુલબાઈ ટેકરા, એલિસબ્રીજ, અમદાવાદ |

હું દેવજીભાઈ પટેલ જાહેર કરૂ છુ કે, ઉપર દર્શાવેલ માહિતી મારી જાણકારી અને વિશ્વાસ મુજબ સત્ય છે.

**દેવજીભાઈ પટેલ**
**(પ્રકાશકની સહી)**

# કુમાર છાત્રાલયનાં ૧૮ વિદ્યાર્થીઓએ
# સારી કંપનીઓમાં પ્લેસમેન્ટ મેળવ્યું

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયનાં ૧૯ જેટલાં વિદ્યાર્થીઓએ સફળ અભ્યાસ પછી આ વર્ષે સારી કંપનીઓમાં યોગ્ય પગારધોરણ સાથે પ્લેસમેન્ટ મેળવ્યું છે. જે સંસ્થા માટે ખૂબ જ ગૌરવની બાબત છે. તમામ વિદ્યાર્થીઓને તેમનાં સોનેરી ભવિષ્ય માટે ખૂબ ખૂબ અભિનંદન...

| નં. | વિદ્યાર્થીનું નામ | ગામ | કોલેજ | પ્લેસમેન્ટ કંપની | વાર્ષિક પેકેજ |
|---|---|---|---|---|---|
| ૧. | તળાવિયા જયદીપ ભરતભાઈ | ચાલી ઉદેપુર, જિ.અમરેલી | LDCE | Adani Power | 4.40 Lac |
| ૨. | રાદડિયા ગૌતમ ચંદુભાઈ | ગોરખપુર, તા. ભેંસાણ | LDCE (Rubber Tech.) | Balkrishna Tyre | 3.00 Lac |
| ૩. | સાવલિયા અક્ષય | લીખાળા, તા. સાવરકુંડલા | LDCE (EC) | Wipro | 3.50 Lac |
| ૪. | લાઠિયા કેયુર | સુરત | LDCE (EC) | Accenture Tech. | 4.00 Lac |
| ૫. | બોખા પારસ અશોકભાઈ | દામનગર, જિ.અમરેલી | LDCE (Civil) | Adani | 4.50 Lac |
| ૬. | કોઠિયા રાકેશ મનસુખભાઈ | વરના, જિ.જામનગર | LDCE (Civil) | Accenture Tech. | 4.00 Lac |
| ૭. | ચોડવડિયા નિકુંજ રમેશભાઈ | જીરા, તા.સાવરકુંડલા | LDCE | Hitachi Power Ele. | 2.60 Lac |
| ૮. | અટારા અંકિત ભવાનજીભાઈ | હર્ષદપુર, જામનગર | LDCE | Adani Port | 4.7-4.4 Lac |
| ૯. | વિરાણી કિંતન હિમ્મતભાઈ | ભાલવાવ, તા.અમરેલી | Nirma Uni. | Torrent Power | 3.75 Lac |
| ૧૦. | ઠુમ્મર જસ્મીન જે. | ધુડસિયા, રાજકોટ | LDCE | Streebo | 3.60 Lac |
| ૧૧. | મારકણા પ્રિન્સ | નાના વડાલા, રાજકોટ | LDCE | Reliance Ind. | 6.00 Lac |
| ૧૨. | ઘાડિયા જેનિસ રમેશભાઈ | નાના થાવરિયા, જામનગર | Nirma Uni. | Secure Meters | 4.50 Lac |
| ૧૩. | મોવલિયા જયશિલ ચંદુભાઈ | ચરખડી, તા.ગોંડલ | Nirma Uni. | Adani Power | 4.40 Lac |
| ૧૪. | ધામેલિયા પ્રતિક તુલસીભાઈ | વડિયા, તા.પાલિતાણા | Nirma Uni. | Adani Power | 4.40 Lac |
| ૧૫. | વઘાસિયા પાર્થ રમેશભાઈ | ખજૂરી હડમતિયા, તા.ભેંસાણ | LDCE | Ami Polymer | 3.00 Lac |
| ૧૬. | કોરાટ નિકુંજ સુરેશભાઈ | હાલરિયા, તા.બગસરા | HL Commerce | Hasmukh Furniture | 1.80 Lac |
| ૧૭. | ટીંબડિયા હાર્દિક રમેશભાઈ | જસાપર, કાલાવડ | LDCE (Rubber Tech.) | Balkrishna Tyre | 3.60 Lac |
| ૧૮. | વઘાસિયા બ્રિજેશ અતુલભાઈ | ખજૂરી હડમતિયા, તા.ભેંસાણ | LDCE (Rubber Tech.) | Balkrishna Tyre | 3.60 Lac |
| ૧૯. | ગોંડલિયા મયુર હિમ્મતભાઈ | પાણખાણ, જિ.ગીરસોમનાથ | MSc (Organic Chem.) | Intas Pharma | 2.01 Lac |

# વડાપ્રધાનની ઉપસ્થિતિમાં શ્રી અન્નપૂર્ણા ધામ ખાતે
# વિશ્વના પ્રથમ પંચતત્વ મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો





અડાલજ ખાતે સમસ્ત લેઉવા પાટીદારોનાં સ્વમાન-ગૌરવના શ્રદ્ધાતિર્થ સમાન શ્રી અન્નપૂર્ણા ધામમાં નવનિર્માણ પામેલા વિશ્વના પ્રથમ અદ્યતન પંચતત્વ મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ ૫ માર્ચ, ૨૦૧૯નાં રોજ વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતીમાં ઉજવાયો હતો. આ પ્રસંગે હજારોની સંખ્યામાં પાટીદારો સમાજનાં લોકો ઉપસ્થિત રહ્યાં છે.

અડાલજ એ લેઉવા પટેલોની માતૃભૂમિ ગણાય છે. જેથી અહીં ભવ્ય શ્રી અન્નપૂર્ણા ધામ વિકસાવાયું છે. શ્રી અન્નપૂર્ણા ધામની વિશેષતા એ છે કે, તેમાં દાનપેટી રાખવામાં નહીં આવે. આ મંદિરમાં શ્રીફળ પણ વધેરવામાં નહીં આવે. શ્રી અન્નપૂર્ણા ધામનાં પ્રોજેક્ટમાં મંદિર સહિત સમાજના તમામ વર્ગના લોકો માટે ૬૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળું છાત્રાલય, ભોજનાલય તથા સ્પાર્ધાત્મક પરીક્ષા માટેનાં તાલીમ કેન્દ્રોનું પણ આ પ્રસંગે ખાતમુર્હુત કરવામાં આવ્યુ હતું. શ્રી અન્નપૂર્ણા ધામ ખાતે વિશ્વનું પ્રથમ પંચતત્વ મંદિર આકાર પામી ચૂક્યુ છે. હવે અહીં શિક્ષણ સંકુલ આકાર પામશે તથા અનેક સુવિધાઓ પણ વિકસાવાશે.

**દીકરીનાં જન્મ બાદ આશીર્વાદ લેવા આવતા પરિવારોને ઈમારતી લાકડાનાં પાંચ છોડ આપવા અન્નપૂર્ણાધામનાં ટ્રસ્ટીશ્રીઓને વડાપ્રધાનશ્રીની હિમાયત**



આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વડાપ્રધાન શ્રીએ કહ્યું હતું કે, આપણા દેશમાં વિવિધ ધર્મ સાથે એકતા અને વિવિધતા જોવા મળી રહી છે અને અન્નપૂર્ણા ધામ તેમાં દ્દષ્ટાંતરૂપ છે. તેમણે કહ્યું કે, જય જવાન અને જય કિસાન સૂત્ર સાથે દેશ આગળ વધી રહ્યો છે. જવાનનું સામર્થ્ય સરહદ પર સુરક્ષા આપે છે, જ્યારે કિસાનનું સામર્થ્ય દેશને અન્ન આપે છે. કાઠીયાવાડમાં ખેડૂતનો મતલબ લેઉવા પટેલ સમાજ છે અને આ સમાજ શક્તિશાળી રહેશે તો દેશ પણ શક્તિશાળી બનશે.

આ પ્રસંગે વડાપ્રધાનશ્રીએ દીકરીના જન્મ બાદ આશીર્વાદ લેવા આવતા પરિવારોને ઈમારતી લાકડાનાં પાંચ છોડ આપવા અન્નપૂર્ણાધામના ટ્રસ્ટીશ્રીઓને હિમાયત કરી હતી. તેમણે અન્નપૂર્ણાધામનાં ભક્તોને પણ પ્રસાદમાં છોડ આપવાની અપીલ કરી હતી.

શ્રી અન્નપૂર્ણા ધામમાં માં અન્નપૂર્ણા મંદિરમાં તમામ સમાજના લોકોને પ્રવેશ આપવામાં આવશે. સ્વામિનારાયણ મંદિર અડાલજ તેમજ સમસ્ત ગ્રામજનોએ માં અન્નપૂર્ણાનાં મંદિર અને વિદ્યાર્થીઓનું છાત્રાલય તેમજ શિક્ષણ ભવન બનાવવા માટે મહામુલી જમીનનું દાન આપેલ છે.

શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ, અડાલજનાં ચેરમેન પદે શ્રી રવજીભાઈ વસાણી, પ્રમુખ પદે શ્રી નરહરિ અમીન તેમજ

મંત્રી પદે શ્રી ભીમજીભાઈ નાકરાણી સેવા આપી રહ્યા છે. ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી નરહરિ અમીનનાં જણાવ્યા મુજબ લેઉવા પટેલો ૨૦૦૦ વર્ષ પહેલા અડાલજમાં આવ્યાં હતાં અને માં અન્નપૂર્ણાને સાથે લાવીને ઐતિહાસિક અડાલજ વાવમાં અન્નપૂર્ણા માતાની સ્થાપના કરી હતી. આ ઐતિહાસિક વિરાસતની સ્મૃતિરૂપે વિશ્વનું સૌ પ્રથમ પંચતત્વ આધારિત માં અન્નપૂર્ણાનાં મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.



આ પ્રસંગે આભાર વ્યક્ત કરતાં ટ્રસ્ટના ચેરમેન શ્રી રવજીભાઈ વસાણીએ કહ્યું કે, લેઉવા પાટીદાર સમાજનાં આરાધ્ય દેવી માં અન્નપૂર્ણાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ છાત્રભવનનું ખાતમુહૂર્ત જેમનાં હસ્તે કરાયું એવા ગુજરાતનાં પનોતાપુત્ર, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી પોતાનો કિંમતી સમય ફાળવી ઉપસ્થિત રહ્યા તે બદલ અંગત રીતે તથા ટ્રસ્ટના ચેરમેન તરીકે આભાર માની અત્યંત આનંદની લાગણી અનુભવું છું. ગુજરાતનાં રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીજી તેમજ મધ્યપ્રદેશનાં રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલનો પણ આભાર માનુ છું. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી જેમને ૧૦ટકા સિવાયની વધારાની કપાત ટ્રસ્ટને પરત આપવા બદલ તેમજ વડાપ્રધાનશ્રીને અહીં લાવવામાં અંગત રસ લઈ અત્રે ઉપસ્થિત રહેવા બદલ તેમનો પણ ખૂબ ખૂબ આભાર માનુ છું. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા તેમજ મનસુખભાઈ માંડવિયા, ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી, વિપક્ષ નેતા શ્રી પરેશભાઈ ધાનાણી, ખોડલધામનાં ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ તેમજ મુખ્ય દાતા શ્રી કરશનભાઈ પટેલ, શ્રી પંકજભાઈ પટેલ સહિત આમંત્રિત મહેમાનો, સમાજ અગ્રણીઓ, તમામ ટ્રસ્ટીશ્રીઓ, તમામ કમીટીઓ, સ્વયં સેવકો ઉપરાંત માન. નરેન્દ્રભાઈએ ૨૦૦૮માં ખાતમુહૂર્ત અને ૨૦૧૦માં જે સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળની નારણપુરા કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરેલ તેની ગુલાબી સાફામાં ઉપસ્થિત ૬૦૦ ઉપરાંત દિકરીઓનો તથા સંસ્કાર સાથેના શિક્ષણનાં આ ભગીરથ કાર્યમાં સહકાર આપનાર તેમજ કાર્યક્રમમાં સહભાગી થનાર તમામનો વિશેષ આભાર વ્યક્ત કરૂ છું.

# વિવિધ સેવાકાર્યો દ્વારા પૂ. હરદાસબાપુની પૂણ્યતિથિ ઉજવાઈ

શ્રી હરદાસબાપુ પટેલ સમાજ કલ્યાણ અને કેળવણી ટ્રસ્ટ તથા યુથ હોસ્ટેલ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા, બાપુનગર દ્વારા તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ નિકોલ ખાતે લોકસેવાના આજીવન ભેખધારી,પૂર્વ કાઉન્સિલર પૂ. હરદાસબાપુની પૂણ્યતિથીની ઉજવણી નિમિત્તે વિવિધ સેવા કાર્યો યોજાયા હતા. જેમાં ૩૪૫ લોકોને આંખો તપાસીને મફત ચશ્મા અપાયા હતા અને ફ્રી ડેન્ટલ ચેક-અપ કેમ્પમાં ૯૫ વ્યક્તિઓનાં દાંતની તપાસ કરાઈ હતી. આ પ્રસંગે યોજેલા રક્તદાન કેમ્પમાં ૫૨ જેટલાં રક્તદાતાઓએ રક્તદાન પણ કર્યું હતું. જેમાં ૫૭મી વખત રક્તદાન કરનાર યુથ હોસ્ટેલર જીતેન્દ્ર પટેલ તથા ૧૦૮મી વખત રક્તદાન કરનાર રેડક્રોસના ડાયરેક્ટર શ્રી સૂર્યકાન્ત નાયકનું મોમેન્ટો આપીને સન્માન કરાયું હતું.

આ ઉજવણીમાં પ્રાઈમ સેવા ગૃપ, શ્રી કૃષ્ણ સેવા રથ, શ્રી બાલાજી ચેરિટેબલ ટ્રસ્ટ, ઉમંગ સેવા ટ્રસ્ટ, ગંગા મૈયા ગૌશાળા તથા ભારત વિકાસ પરિષદનો સહયોગ સાંપડ્યો હતો. આ પ્રસંગે નિકોલ-નરોડા સૌરાષ્ટ્ર પટેલ સમાજનાં અગ્રણી શ્રી મગનભાઈ રામાણી, શ્રી હરદાસબાપુ પટેલ સમાજ કલ્યાણ અને કેળવણી ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી બાબુભાઈ વોરા, હરદાસ બાપુનાં પૌત્ર શ્રી હરેશભાઈ પડસાલા, શ્રી કુરજીભાઈ વાડદોરિયા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. પ્રાઈમ ગૃપના નટુભાઈ નાકારણી, જીગરભાઈ પટેલ અને મુકેશ પડસાલાએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉડાવવામાં નિપુણતા હાંસલ કરનારા અભિનંદનને તેમની પ્રતિભા જોઈને વિંગ કમાન્ડર તરીકે પ્રમોટ કરાયા હતા અને બાદમાં મિગ-૨૧ બાયસનનું સુકાન સોંપાયું હતું. તેઓ એરફોર્સની શાન ગણાતી સૂર્યકિરણ ટીમમાં પણ વિમાન ઉડાવી ચુક્યા છે.

અભિનંદનને વાંચવાનો બહુ શોખ છે અને તેઓ એક સારા વક્તા પણ છે. વાયુસેનાના આંતરિક કાર્યક્રમોમાં તેમને ઉદ્‌બોધન કરવા માટે ખાસ કહેવાય છે.

પુલવામાં આતંકી હુમલામાં ભારતીય સૈનિકોની શહીદી પછી ભારત-પાક. સરહદ પર ઉભા થયેલા તણાવ વચ્ચે કોઈપણ

**અભિનંદનને એલઓસીથી દુર પકડાઈ જવા બાદ સ્થાનિક લોકોએ તેમને માર માર્યો હતો. તે પછી પાકિસ્તાનની સેનાએ તેમને સવાલો પણ પૂછ્યા હતા. જોકે, તેમને પૂછેલા સવાલો દરમ્યાન તે અડગ રહ્યા હતા.**

જાતના દબાણ વગર ભારતીય એરફોર્સે એર સ્ટ્રાઈક કરીને પાક અધિકૃત કાશ્મીરમાં આતંકીઓનાં ટ્રેનિંગ સેન્ટરને ફુંકી મારવાનું અદમ્ય સાહસ આદર્યું. આ કવાયતની બીજા દિવસની કાર્યવાહીમાં અભિનંદનનનું વિમાન ક્રેશ થતાં તેઓ પેરાશુટ દ્વારા પાક અધિકૃત કાશ્મીરમાં કુદી પડ્યા હતા. જોકે પાકિસ્તાની સૈન્યની કસ્ટડીમાં અભિનંદને કોઈપણ જાતની માહિતી ન આપીને તેમની નીડરતાનાં દર્શન કરાવ્યા હતા.

પાકિસ્તાન પર ચોતરફી દબાણથી અભિનંદનને વગર શરતે મુક્ત કરવા પાક. સંસદમાં ખુદ પાક. વડાપ્રધાન ઈમરાનખાને જણાવ્યુ હતું. આ ભારતની કુટનૈતિક જીત છે. ચર્ચા એવી પણ છે કે, અભિનંદનને જિનીવા કરાર પ્રિઝનર્સ ઑફ વૉર હેઠળ મુક્ત કરવામાં આવ્યા છે. એ જે હોય તે, પરંતુ આજે દેશ આખો પાકિસ્તાનનાં કબજામાંથી મુક્ત થયેલા પોતાનાં આ સાહસિક સપૂત પર ગર્વ કરી રહ્યો છે.


# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

## કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત

# છઠ્ઠો રમતોત્સવ

**છઠ્ઠા રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન**

**મુખ્ય સ્પોન્સર**

**વીર સાવરકર મોર્નીંગ ગૃપ, બાપુનગર**

શ્રી દિલીપભાઈ કોઠિયા, શ્રી વિનુભાઈ ગેવરિયા, શ્રી બાબુભાઈ વોરા,
શ્રી નરેશભાઈ જોગાણી, શ્રી ભરતભાઈ ભુવા, શ્રી એન. કે. પટેલ (મામલતદાર),
શ્રી ધીરૂભાઈ ઝાલાવાડિયા (નાયબ મામલતદાર), શ્રી ભૂપતભાઈ ભાલાળા,
શ્રી મુકેશભાઈ વેકરિયા અને ગૃપ મેમ્બર્સ

**ડ્રેસ સ્પોન્સર**

**શ્રી રાજેશભાઈ ધીરૂભાઈ ગોંડલિયા**

KAKA® PVC PROFILE
"Smart People, Smart Choice"

KAKA PVC PROFILE PVT. LTD.

**મેડલ સ્પોન્સર**

**રમેશભાઈ કાનાણી - દિક્ષીત કાનાણી**
**મેહુલ કાનાણી - જયરાજ કાનાણી**

D. KANANI GROUP

D KANANI GROUP, AHMEDABAD

**છઠ્ઠા રમતોત્સવને કાર્યશીલ કરવા, પ્રારંભિક બળ પુરૂ પાડવા તથા અમૂલ્ય યોગદાન આપવા બદલ સંસ્થા ઉપરોક્ત સ્પોન્સર્સને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.**

**તા.ક. : છઠ્ઠા રમતોત્સવના અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.**



નામ : હિરપરા હર્ષ ભગવાનભાઈ
સરનામું : ન્યુ બી-૧૪, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
ફોન : (ઘર)
મોબાઈલ : 94268 86501
ઈ-મેઈલ : harsh.hirpara05@gmail.com
જન્મ તા. : 20-11-92 ઉંચાઈ : 5'10" વજન : 77 kg.
અભ્યાસ : M.Tech. (Electrical Engineering in Power System)
મૂળ વતન : ગામ-ચલાલા, તા.ધારી, જિ.અમરેલી
મોસાળ : તારપરા, ગામ-દેવરાજિયા, તા.જિ.અમરેલી
પસંદગી : એન્જીનીયરીંગ / સાયન્સ ફેકલ્ટી ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : Sr. Er. in Atlanta Ele. Pvt. Ltd., VVNagar



નામ : પીપળિયા પાર્થ પ્રફૂલભાઈ
સરનામું : ૭૬, પ્રસ્ટીજ બંગ્લોઝ, સ્મૃતિ મંદિરની બાજુમાં, પુનિતનગર રોડ, ઘોડાસર, અમદાવાદ
ફોન : (ઘર)
મોબાઈલ : 94260 88530
ઈ-મેઈલ : parth.patel3376@gmail.com
જન્મ તા. : 1-3-94 ઉંચાઈ : 5'9" વજન : 63 kg.
અભ્યાસ : એન્જિનિયર - મિકેનીકલ
મૂળ વતન : ગામ-કેશોદ, તા.જિ.જૂનાગઢ
મોસાળ : કુંભાણી, ગામ-જૂનાગઢ, તા.જિ.જૂનાગઢ
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો : ધંધો



નામ : શેલડિયા સ્વાતી રિસકભાઈ
સરનામું : સી-૨૦૩, સરોવર-૫, ગંગોત્રી સર્કલ પાસે, નિકોલ-નરોડા રોડ, નિકોલ-અમદાવાદ
ફોન : (ઘર)
મોબાઈલ : 98796 57181
ઈ-મેઈલ : swatipatel199185@hotmail.com
જન્મ તા. : 7-1-91 ઉંચાઈ : 5'3" વજન : 50 Kg.
અભ્યાસ : M.Sc. (Biotech)
મૂળ વતન : ગામ-દેવગામ, તા.કુંકાવાવ, જિ.અમરેલી
મોસાળ : સોડવડિયા, ગામ-નાની કુંકાવાવ, તા.કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : એન્જિનિયર અથવા ઉચ્ચ નોકરી અથવા સારો બિઝનેસ
નોકરી/ધંધો : નોકરી, કે. કા. શાસ્ત્રી ગર્વમેન્ટ કોલેજ, મણીનગર



નામ : વિરાણી કેવીન માધવલાલ
સરનામું : ૨૭૪, શેરી નં. ૧૦, રાયજી નગર, જૂનાગઢ-362001
ફોન : (ઘર)
મોબાઈલ : 94288 41220
ઈ-મેઈલ : kevinvirani5@gmail.com
જન્મ તા. : 2-9-94 ઉંચાઈ : 5'10" વજન : 62 kg.
અભ્યાસ : ME (Mech.) Uni. of Windsor, Canada, BE (Mech.) BVM College
મૂળ વતન : ગામ-જામકા, ગીર, જિ.જૂનાગઢ
મોસાળ : ગામ-નાકરા, જિ.જૂનાગઢ
પસંદગી : સમકક્ષ, એન્જિનિયર/ફાર્મસી તથા કેનેડા
નોકરી/ધંધો : Mechanical Project Manager (Windsor, Canada)



નામ : ગઢિયા જીલ નલિનભાઈ
સરનામું : ૨૩૨૭, ભંડેરી પોળ, કાલુપુર, અમદાવાદ-380001
ફોન : (ઘર)
મોબાઈલ : 99741 53035
ઈ-મેઈલ : patelrajshree@gmail.com
જન્મ તા. : 22-10-93 ઉંચાઈ : 5'6" વજન : 52 kg.
અભ્યાસ : B.Com. (Occupational Therapy) USA
મૂળ વતન : ગામ-સમઢિયાળા, તા.ધારી, જિ.અમરેલી
મોસાળ : માલવિયા, ગામ-પીપળિયા, તા.બાબરા, જિ.અમરેલી
પસંદગી : મેડીકલ ફિલ્ડ, હેલ્થકેર ફિલ્ડમાં હોય તેવા, H1 સ્ટુડન્ટ્સ વિઝા, ગ્રીનકાર્ડ J1
નોકરી/ધંધો : Occupational Therapy (ગ્રીનકાર્ડ હોલ્ડર, મે-૨૦૧૯માં ઈન્ડિયા આવે છે.)



નામ : કાછડિયા હર્ષિલ કિશોરભાઈ
સરનામું : વંદે માતરમ્ સીટી, વંદે માતરમ્ ટાઉનશીપ પાસે, શુકન રેસીડેન્સી સામે, ગોતા, અમદાવાદ
ફોન : (ઘર)
મોબાઈલ : 99206 95924
ઈ-મેઈલ : p.harshil90@gmail.com
જન્મ તા. : 20-12-86 ઉંચાઈ : 5'9" વજન : 54 kg.
અભ્યાસ : B.Com., Interior Designe, Accounting
મૂળ વતન : ગામ-ખજૂરી, તા.વડિયા, જિ.અમરેલી
મોસાળ : સુતરિયા, ગામ-ખોડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
પસંદગી : વિવાહીત સ્થિતી : છુટાછેડા
નોકરી/ધંધો : એકાઉન્ટીંગ

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

## નવા ટ્રસ્ટી તરીકે જેઓએ સંમતિ આપી છે તેમને ટ્રસ્ટી મંડળ તથા સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન - અન્ય સમાજશ્રેષ્ઠીઓને ટ્રસ્ટી બની મદદરૂપ થવા અપીલ

(૧) શ્રી પ્રવિણભાઈ દેસાઈ
(૨) શ્રી ચતુરભાઈ કોટડિયા
(3) શ્રી કમલેશભાઈ સાવલિયા
(૪) શ્રી ભરતભાઈ ગઢિયા

આ તમામ શ્રેષ્ઠીશ્રીઓનો આભાર સહ ખૂબ ખૂબ અભિનંદન... આ ઉપરાંત બીજા અનેક સમાજ શ્રેષ્ઠીઓને ટ્રસ્ટી થવા માટે આપીલ કરી છે અને સૌ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ પણ મળે છે. તો સમાજ શ્રેષ્ઠીઓને અપીલ છે કે, આપને રૂબરૂ ન મળી શકાયું હોય તો સંપર્ક કરી સંસ્થાને મદદરૂપ થવા વિનંતી...